Letter No: ED/0149/04/2023 Dt: 17-04-2023

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2022/2406/G,**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

1. વિભાગનો તા.૩૧/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૧૫૪૨/ગ.
2. વિભાગનો તા.૧૨/૦૭/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૧૫૪૨/ગ.
3. સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૬/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક.
4. સામાન્ય વહિવટ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) અને (૨) સામેના તા.૩૧/૦૮/૨૦૨૧ અને તા.૧૨/૦૭/૨૦૨૨ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવની શરત નં.(૭)માં ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોના પાસીંગ ધોરણ બાબતે ઉમેદવારને પાસ થવા પેપરદીઠ ૫૦% ગુણ અને મુક્તિ માટે ૬૦% ગુણ મેળવવા જરૂરી રહેશે તેવી જોગવાઈ કરેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૨૬/૦૮/૨૦૨૨ના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારી/અધિકારી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરવાના ધોરણોમાં ફેરફાર કરવામાં આવેલ હતાં. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી તા.૨૬/૦૮/૨૦૨૨ના ઠરાવની જોગવાઈમાં સુધારો કરવામાં આવેલ હતો. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૨૬/૦૮/૨૦૨૨ના અને વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ અન્વયે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાના નિયમોમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ બાબતના વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવના મુદ્દા નં(૭)માં નીચે મુજબ સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| અગાઉની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|
| (૭)ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોના પાસીંગ ધોરણ બાબતે ઉમેદવારને પાસ થવા પેપરદીઠ ૫૦% ગુણ અને મુક્તિ માટે ૬૦% ગુણ મેળવવા જરૂરી રહેશે. | (૭)(અ) કોઈ એક વિષયમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થીને તે વિષય પૂરતી મુક્તિ મળશે.<br><br>(બ)જો કોઇ ઉમેદવારે ખાતાકીય પરીક્ષાના કુલ વિષય/પેપરમાંથી કોઇ એક વિષયમાં/પેપરમાં ૫૦ ગુણ/ ૫૦%ગુણ થી ઓછા ગુણ (<૫૦ગુણ/<૫૦% ગુણ) મેળવેલ હોય તેમજ અન્ય તમામ વિષય/પેપરમાં ૫૦ ગુણ/૫૦% ગુણ કે તેથી વધુ ગુણ (%) મેળવેલ હોય માત્ર અને માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતું જ, જે વિષયમાં ૫૦ ગુણ/૫૦% ગુણ કે તેનાથી ઓછા ગુણ(%)મેળવેલ હોય તે વિષય/પેપરમાં વધુમાં વધુ ૫ ગુણ/૫% ગુણ કૃપા ગુણ આપી ઉમેદવારને પાસ જાહેર કરી શકાશે. |

આ ઠરાવની જોગવાઈ તા.૨૬/૦૮/૨૦૨૨ બાદ લેવાયેલ ખાતાકીય પરીક્ષા માટે લાગુ પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૩/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- સેક્શન અધિકારીશ્રી (ગ.૧-શાખા, છ-શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

File No: ED/MSM/e-file/3/2022/2406/G
Approved By: Bhavesh Erda(Additional Secretary,FRC Cell,ED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સિલેક્ટ ફાઈલ.